# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-07-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : WEDNESDAY** **National News**

**નમસ્કાર, આકાશવાણી (ઓપનિંગ ટ્યુન)**

**સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.**

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આજથી પાંચ રાષ્ટ્રોની મુલાકાત ઘાનાના પ્રવાસથી શરૂ થશે
2) અમેરિકાના સંરક્ષણ મંત્રી સાથેની મુલાકાતને ફળદાયી ગણાવતાં વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકર
3) સલામતીની લોખંડી વ્યવસ્થા અને "બમ બમ ભોલે" અને "હર હર મહાદેવ"ના નાદ સાથે અમરનાથ યાત્રાનો આરંભ
4) યુક્રેન અને રશિયાના યુદ્ધ વચ્ચે પુતિન અને મેક્રોં વચ્ચે સંઘર્ષ વિરામ અંગે ટેલિફોન પર ચર્ચા થઇ
5) મહિલા ટી20 ક્રિકેટમાં, ભારતે બીજી મેચમાં ઇંગ્લેન્ડને 24 રનથી હરાવીને શ્રેણીમાં સરસાઇ મેળવી

**************************************************

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# PM FIVE NATION VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પાંચ દેશો ઘાના, ત્રિનિદાદ અને ટોબેગો, આર્જેન્ટિના, બ્રાઝિલ અને નામિબિયાના પ્રવાસે જશે. પ્રથમ તબક્કામાં, પ્રધાનમંત્રી ઘાનાની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી ઘાનાના રાષ્ટ્રપતિ જોન ડ્રામાની મહામા સાથે વાતચીત કરશે.

તેમની મુલાકાતના બીજા તબક્કામાં, શ્રી મોદી આવતીકાલથી ત્રિનિદાદ અને ટોબેગોની મુલાકાત લેશે. તેઓ ત્રિનિદાદ અને ટોબેગોના રાષ્ટ્રપતિ ક્રિસ્ટીન કાર્લા કાંગાલુ અને પ્રધાનમંત્રી કમલા પ્રસાદ-બિસેસર સાથે પણ વાતચીત કરશે.

પ્રસ્તુત છે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઘાનાની મુલાકાત અંગેનો અહેવાલ ..

(વોઇસ કાસ્ટ - આલોક રાય)

. . . . . . . . . . . . . . . . . . . . .

# S.JAYSHANKAR

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે રાત્રે અમેરિકાના પેન્ટાગોન ખાતે અમેરિકાના સંરક્ષણ મંત્રી પીટ હેગસેથ સાથે મુલાકાત કરી હતી. તેમણે ભારત-અમેરિકા સંરક્ષણ સંબંધોના વ્યૂહાત્મક મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો અને તેમને દ્વિપક્ષીય સંબંધોના "સૌથી પરિણામી સ્તંભોમાંથી એક" તરીકે વર્ણવ્યા હતા. આ બેઠક વોશિંગ્ટનમાં ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠકના પગલે થઈ રહી છે, જે ભારત-યુએસ વચ્ચે ઉચ્ચ સ્તરીય વાતચીતની શ્રેણીમાં વધુ એક મહત્વપૂર્ણ જોડાણ છે

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# J&K - AMARNATH YATRA

"બમ બમ ભોલે" અને "હર હર મહાદેવ" ના નાદ સાથે , જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ મનોજ સિન્હાએ આજે વહેલી સવારે ભગવતી નગર સ્થિત યાત્રી નિવાસ બેઝ કેમ્પથી અમરનાથ યાત્રાના પ્રથમ જથ્થાને લીલી ઝંડી આપી. 3,880 મીટર ઊંચા અમરનાથ મંદિરની 38 દિવસની યાત્રા આવતીકાલે બંને માર્ગો - અનંતનાગમાં પરંપરાગત 48-કિલોમીટર નુનવાન-પહલગામ ટ્રેક અને ગાંદરબલમાં ટૂંકા પરંતુ વધુ ઊંચા 14-કિલોમીટર બાલતાલ રૂટ - બંને માર્ગો દ્વારા ઔપચારિક રીતે શરૂ થશે. આ યાત્રા આ વર્ષે 9 ઓગસ્ટે આવતી શ્રાવણ પૂર્ણિમાના રોજ સમાપ્ત થશે.

યાત્રાળુઓને યાત્રા માર્ગ પર મજબૂત સુરક્ષા કાફલા દ્વારા સુરક્ષા પુરી પાડવામાં આવી રહી છે.. આ વર્ષની યાત્રા માટે અત્યાર સુધીમાં 3.31 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ નોંધણી કરાવી છે જ્યારે જમ્મુમાં સ્થળ પર નોંધણી પણ શરૂ થઈ ગઈ છે, છેલ્લા બે દિવસમાં લગભગ 4,000 ટોકનનું વિતરણ કરવામાં આવ્યું છે.અધિકારીઓએ બહુ-સ્તરીય ગ્રીડ, સીસીટીવી દેખરેખ અને દૈનિક ટ્રાફિક સલાહ સાથે મજબૂત સુરક્ષા યોજના અમલમાં મૂકી છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# KMY FIRST BATCH RETURNS

કૈલાશ માનસરોવર યાત્રાના યાત્રાળુઓનો પહેલો સમૂહ ગઈકાલે યાત્રા પૂર્ણ કર્યા પછી સફળતાપૂર્વક ગંગટોક પરત ફર્યો. આ સમૂહ બપોરે નાથુલા પહોંચ્યો, જ્યાં તેમની ઇમિગ્રેશન સહિતની તમામ ઔપચારિકતાઓ પૂર્ણ કરાઇ . ત્યારબાદ યાત્રાળુઓને શેરેથાંગ લઈ જવામાં આવ્યા, જ્યાં ITBP અધિકારીઓએ તેમની સાથે બપોરનું ભોજન લીધું હતું.. ગંગટોકમાં સિક્કિમ ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (STDC) દ્વારા પરત ફરેલા યાત્રાળુઓ માટે સન્માન પ્રમાણપત્ર સમારંભ યોજાયો હતો...

. . . . . . . . . . . . . . . . . . .

# UDAYGIRI-NAVY

પ્રોજેક્ટ 17A સ્ટીલ્થ ફ્રિગેટનું બીજું જહાજ, ઉદયગિરિ ગઈકાલે ભારતીય નૌકાદળને સોંપવામાં આવ્યું હતું. તે માઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ ખાતે બનાવવામાં આવ્યું હતું. આ મલ્ટી-મિશન ફ્રિગેટ પરંપરાગત અને બિન-પરંપરાગત બંને પ્રકારના જોખમોનો સામનો કરવા સક્ષમ છે. ઉદયગિરિ તેના પુરોગામી અને 2007 માં નિવૃત્ત થયેલા જહાજ  ભૂતપૂર્વ INS ઉદયગિરિનું આધુનિક સંસ્કરણ છે.. અત્યાધુનિક એવા  P17 વર્ગમાંથી એક મહત્વપૂર્ણ અપગ્રેડ પ્રોજેક્ટ-17A જહાજોમાં સ્ટીલ્થ સુવિધાઓ અને  'અત્યાધુનિક' શસ્ત્રો અને સેન્સર્સથી સજ્જ છે.. ઉદયગિરિ 37 મહિનામાં ઉત્પાદન કરીને  રેકોર્ડ સમયમાં ભારતીય નૌકાદળને આ અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ જહાજ  સોંપવામાં આવ્યું છે.

ઉદયગિરિનું ડિલિવરી 200 થી વધુ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો દ્વારા સમર્થિત મજબૂત ઔદ્યોગિક ઇકોસિસ્ટમ દ્વારા સક્ષમ રાષ્ટ્રના જહાજ ડિઝાઇન, જહાજ બાંધકામ અને એન્જિનિયરિંગ કૌશલ્યને પ્રદર્શિત કરે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

)ગોન્ગ મ્યુઝિક(

. . . . . . . . . . . . . .

# DENA BANK CASE SAJA

અમદાવાદની સીબીઆઈની વિશેષ કોર્ટે આરોપી મહાદેવ ડી પટેલને દોષિત ઠેરવીને ૩ વર્ષની સખત કેદની સજા તેમજ 30 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. અને આરોપી કંપનીને પણ 30 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

મુંબઈની દેના બેંક દ્વારા ખાનગી કંપની મેસર્સ હાયનોપ ફૂડ એન્ડ ઓઈલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, મહાદેવ ડી પટેલ અને અન્ય બે ખાનગી વ્યક્તિઓ સામે દાખલ કરાયેલી લેખિત ફરિયાદના આધારે સીબીઆઈએ કેસ નોંધ્યો હતો. કંપની મેસર્સ હાયનોપ ફૂડ એન્ડ ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ જાન્યુઆરી 1983થી અમદાવાદની એલિસ બ્રિજ શાખામાં દેના બેંક સાથે વિવિધ ક્રેડિટ સુવિધાઓનો લાભ લઈ રહી હતી. કંપની અને તેના ડિરેક્ટરોએ દેના બેંકની લેટર ઓફ ક્રેડિટ સુવિધાનો ખોટો ઉપયોગ કરી અને ફોર્જરી કરીને દેના બેંક સાથે 27 કરોડ રૂપિયાની છેતરપિંડી કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PUTIN-MACRON TALK

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને તેમના ફ્રેન્ચ સમકક્ષ ઇમેન્યુઅલ મેક્રોન વચ્ચે અઢી વર્ષ બાદ ફોન પર વાતચીત થઈ. શ્રી મેક્રોને યુક્રેનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા માટે ફ્રાન્સના મજબૂત સમર્થનની પુષ્ટિ કરીને યુદ્ધવિરામની આગ્રહભરી વિનંતી કરી. જોકે રશિયન રાષ્ટ્રપતિએ સુરક્ષા ચિંતાઓ અને યુક્રેનને રશિયા વિરોધી કરવાના પ્રયાસોને યુધ્ધ માટે દોષી ઠેરવ્યા.

બંને નેતાઓએ ઇરાનના પરમાણુ કાર્યક્રમ પર પણ ચર્ચા કરી. શ્રી મેક્રોને પ્રસ્તાવ મૂક્યો કે રશિયા અને ફ્રાન્સ પ્રાદેશિક તણાવ ઘટાડવા માટે સહયોગ કરે. બે કલાકથી વધુ ચાલેલી આ ચર્ચામાં યુક્રેન અને ઈરાનની પરિસ્થિતિઓ પર વાતચીત આગળ વધારવા બંને દેશો સંમત થયા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ISRAEL-GAZA CEASEFIRE

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, ઇઝરાયલ ગાઝામાં 60 દિવસના યુદ્ધવિરામ માટે શરતો પર સંમત થયું છે. તેમણે હમાસને ચેતવણી આપી હતી કે પરિસ્થિતિ વધુ ખરાબ થાય તે પહેલાં આ કરાર સ્વીકારે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ મહિનાની 7મી તારીખે વ્હાઇટ હાઉસ ખાતે વાટાઘાટો માટે ઇઝરાયલી  પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂનું યોજવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે આ વિકાસની જાહેરાત કરી હતી. ગાઝામાં યુદ્ધનો અંત લાવવા માટે યુદ્ધવિરામ અને બંધક કરારમાં મધ્યસ્થી કરવા માટે અમેરિકન નેતા ઇઝરાયલી સરકાર અને હમાસ પર દબાણ વધારી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MORN. WOMEN CRICKET

મહિલા ટી20 ક્રિકેટમાં, ભારતે ગઈકાલે રાત્રે બ્રિસ્ટલના કાઉન્ટી ગ્રાઉન્ડ ખાતે પાંચ મેચની શ્રેણીના બીજા મેચમાં ઇંગ્લેન્ડને 24 રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા, મહિલા ટીમે નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટે 181 રન બનાવ્યા. ભારત માટે અમનજોત કૌરે 40 બોલમાં અણનમ 63 રન બનાવ્યા અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી. જવાબમાં, યજમાન ટીમ નિર્ધારિત વીસ ઓવરમાં 7 વિકેટે 157 રન બનાવી શકી હતી.

. . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

આજના અખબારોમાં છપાયેલા મુખ્ય સમાચારની વાત કરીએ તો

નવ ગુજરાત સમયે લખ્યું છે કે મસ્કની દુકાન બંધ કરાવીને આફ્રિકા મોકલવાની ટ્રમ્પની ચિમકી

ઓહાયોનાં ચર્ચની 180માં ખરીદી કરીને સ્વામિનારાયણ મંદિરના નિર્માણના સમાચાર દિવ્ય ભાસ્કરે પહેલા પેજ ઉપર છાપ્યાં છે

સાડા ત્રણ કોરડ નોકરીઓ માટે કેન્દ્રની રૂપિયા 99 હજાર 446 કોરડની રોજગાર પ્રોત્સાહન યોજના જાહેર આ હેડલાઇન સંદેશની છે

યુરોપમાં આગ ઓકતુ આકાશઃ બાર્સેલોનામાં ગરમીનો 100 વર્ષનો રેકોર્ડ તૂટ્યો આ સમાચાર ગુજરાત સમાચારે પહેલા પેજ ઉપર પ્રકાશિત કર્યા છે

હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાની હેડલાઇન છેઃ—એક લાખ કરોડ કી યોજના મંજૂર, સાડાતીન કરોડ કો રોજગારમે મદદ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પાંચ રાષ્ટ્રોના પ્રવાસ, તેલંગાણામાં ફેક્ટરી વિસ્ફોટમાં વધતો મૃત્યુઆંક તેમજ અનેક રાજ્યોમાં વરસાદે વેરેલા વિનાસના સમાચાર તમામ અખબારોએ પહેલા પેજ ઉપર પ્રસિધ્ધ કર્યા છે

જ્યારે સ્થાનિક અને રાજ્યના સમાચારમાં હવે ભાર વિનાનું ભણતર દર શનિવારે શાળાઓમાં બેગલેસ ડે , હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી , સિનિયર કાઉન્સેલ દ્વારા વર્ચ્યુઅલ સુનાવણીમાં વિવાદાસ્પદ રીતે ઉપસ્થિત રહેવા અંગે માફી માંગવા સહિતના સમાચાર ખબારોના છેલ્લા પેજ પર વાંચવા મળી રહ્યાં છે.

આ ઉપરાતં તમામ અખબારોએ સ્પોર્ટના પેજ ઉપર આજથી શરૂ થતી ભારતઅને ઇગ્લેંડ વચ્ચેની બીજી ટેસ્ટ , ભારતીય મહિલા ટીમે ઇગ્લેંડની ટીમને બીજી ટી-20માં પરાજય આપ્યો સહિતના સમાચાર જોવા મળી રહ્યાં છે.

. . . . . . . . . . . . . . .